सत्यमेव जयते

**-:નમુનો-અ:-**

| | |
|---|---|
| **જામનગરનાં મહેરબાન અધિક જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ. જામનગર**<br>**ચુકાદાની તારીખ : ૧૦/૦૮/૨૦૨૬**<br>**ફોજદારી કેસ નં. ૧૧૫૧૧ /૨૦૨૫** | |
| ગુનાની વિગત | |
| ગુનાની કલમ | **ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ–૬૫ (એ)(એ),(બી),(સી),(ડી),(એફ) મુજબ.** |
| **પ્રથમ માહિતી અહેવાલ નંબર** | ગુ. ર. નં.– ૧૧૨૦૨૦૦૨૨૫૦૧૪૭/૨૦૨૫ |
| **પોલીસસ્ટેશન** | સીટી સી ડીવીઝન પોલીસ સ્ટેશન, જામનગર |
| **ફરીયાદપક્ષ** | સરકારશ્રી |
| **રજૂઆત** | **વિ.એ.પી.પી.શ્રી ડી.એન.ત્રિવેદી.** |
| **આરોપીપક્ષ** | **મીરા મોહનભાઈ પરમાર**<br>ઉ.વ.- ૬૫, ધંધો-ઘરકામ,<br>રહે.વુલનમીલ,ખુલ્લી ફાટક, પાસે, બાવરીવાસ,<br>તા.જી.જામનગર |
| **રજૂઆત** | આરોપી તરફે વિ.વકીલશ્રી જે.એલ.ટાંક |

**-:નમૂનો-બ:-**

| | |
|---|---|
| **ગુન્હાની તારીખ** | ૨૦/૦૧/૨૦૨૫ |
| **પ્રથમ માહિતી અહેવાલની તારીખ** | ૨૦/૦૧/૨૦૨૫ |
| **આખરી અહેવાલની તારીખ** | ૨૯/૧૦/૨૦૨૫ |
| **તહોમતનામાની તારીખ** | ૨૨/૧૨/૨૦૨૫ |
| **પુરાવો શરૂ થયાની તારીખ** | ૦૭/૦૭/૨૦૨૬ |
| **ચુકાદા માટે રાખવાની તારીખ** | ૧૦/૦૮/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૧૦/૦૮/૨૦૨૬ |
| **સજા હુકમની તારીખ(લાગુ પડે તો)** | - |

**:આરોપીની વિગત:-**

| આરોપીનો અનુક્રમ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયું/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૬૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | **મીરા મોહન** | ૧૧/ ૦૩/ | | ધી ગુજરાત પ્રોહીબીશ | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | **ભાઇ પરમાર ભાઇ કોળી** | ૨૦૨૫ | | ન એકટ ૧૯૪૯ ની કલમ– ૬૫(એ) (એ), (બી), (સી), (ડી), (એફ) મુજબ. | | | |

**<u>-:નમૂનો ક:-</u>**

**ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના સાક્ષીની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| **અનુક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ફ.સા. ૧ | મહાવિરસિંહ વનરાજસિંહ જાડેજા | ફરિયાદી |
| ફ.સા. ૨ | બાદલ ધરમપાલ પરમાર | પંચસાહેદ |
| ફ.સા. ૩ | હંસરાજ પરસોત્તમ પરમાર | પંચસાહેદ |

**ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના આંકની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| **અનુક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૦૯ | ફરિયાદી- મહાવિરસિંહ વનરાજસિંહ જાડેજાની જુબાની |
| ૨ | ૧૦ | ફરિયાદ |
| ૩ | ૧૧ | પંચ-બાદલ ધરમપાલ પરમાર ની જુબાની |
| ૪ | ૧૨ | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું |
| ૫ | ૧૩ | હંસરાજ પરસોત્તમ પરમાર ની જુબાની |

**-:ચુકાદો:-**

**(૦૧) કેસની ટૂંકી હકીકત :-**

ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત જોઈએ તો, આ કામના કોલમ નં. ૨ મા જણાવેલ આરોપીએ તા. ૨૦/૦૧/૨૦૨૫ ના રોજ ગેરકાયદેસર રીતે પોતાના રહેણાંક ઝુપડામાં ગેરકાયદેસર પાસ પરમીટ વગર દેશી પીવાનો દારૂ લીટર-૦૪,કિ.રૂા.૮૦૦/- તથા દેશી પીવાનો દારૂ બનાવવાનો કાચો આથો લીટર -૫૦,કિ.રૂા.૧૨૫૦/- દેશી દારૂ બનાવવાની ચાલુ ભઠીના સાધનો કિ.રૂા.૨૦૦/- મળી કુલ મુદામાલ કિ.રૂા.૨૨૫૦/- નો રાખી રેઈડ દરમ્યાન હાજર નહી મળી બાદ તપાસ દરમ્યાન પકડાઈ જઈ ગુન્હો કરેલ સીટી સી ડીવીઝન પોલીસ સ્ટે.ના ગુ.રજી.નં. ૧૧૨૦૨૦૦૨૨૫૦૧૪૮/૨૦૨૫ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ–૬૫ (એ) (એ), (બી), (સી), (ડી), (એફ) મુજબનો ગુન્હો કર્યા બાબત તપાસ દરમ્યાન આરોપી પકડાઈ જતા આરોપી વિરૂધ્ધમાં પુરતા પુરાવાના આધારે ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૦૨) ન્યાયિક કાર્યવાહી:–**

આરોપી સામે ચાર્જશીટ રજૂ થતાં આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીઓને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેનાં અનુસંધાને આરોપીઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ **આંક–૦૪** થી તહોમતનામું ફરમાવી, **આંક–૦૫** થી ગુન્હા અંગે સમજ આપી નિવેદન લેવામાં આવતાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ ફરીયાદ પક્ષનો પુરાવો લેવામાં આવેલ તેમજ નીચે મુજબનો પુરાવો નોંધવામાં આવેલો.

**ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના આંકની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૯ | ફરિયાદી- મહાવિરસિંહ વનરાજસિંહ જાડેજાની જુબાની |
| ૨ | ૧૦ | ફરિયાદ |
| ૩ | ૧૨ | પંચ-બાદલ ધરમપાલ પરમાર ની જુબાની |
| ૪ | ૧૩ | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું |

(૩) ઉપર મુજબનો પુરાવો નોધ્યાં બાદ આરોપીનું બી.એન.એસ.એસ ની કલમ–૩૫૧ અન્વયે વધારાનું નિવેદન નોંધવામાં આવતા આરોપીએ તેઓ નિર્દોષ છે અને તેઓએ આવો કોઈ ગુન્હો કરેલો નથી તેવુ જણાવેલ છે.

(૪) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

**-:મુદાઓ:-**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના કોલમ નં. ૨ મા જણાવેલ આરોપીએ તા. ૨૦/૦૧/૨૦૨૫ ના રોજ ગેરકાયદેસર રીતે પોતાના રહેણાંક ઝુપડામાં ગેરકાયદેસર પાસ પરમીટ વગર દેશી પીવાનો દારૂ લીટર-૦૪,કિ.રૂા.૮૦૦/- તથા દેશી પીવાનો દારૂ બનાવવાનો કાચો આથો લીટર - ૫૦,કિ.રૂા.૧૨૫૦/- દેશી દારૂ બનાવવાની ચાલુ ભઠીના સાધનો કિ.રૂા.૨૦૦/- મળી કુલ મુદામાલ કિ.રૂા.૨૨૫૦/- નો રાખી રેઈડ દરમ્યાન હાજર નહી મળી બાદ તપાસ દરમ્યાન પકડાઈ જઈ ગુન્હો કરેલ સીટી સી ડીવીઝન પોલીસ સ્ટે.ના ગુ.રજી.નં. ૧૧૨૦૨૦૦૨૨૫૦૧૪૮/૨૦૨૫ રેઈડ દરમ્યાન હાજર નહી મળી બાદ તપાસ દરમ્યાન પકડાઈ જઈ ગુન્હો કરેલ સીટી સી ડીવીઝન પોલીસ સ્ટે.ના ગુ.રજી.નં. ૧૧૨૦૨૦૦૨૨૫૦૨૨૩/૨૦૨૫ **ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ-૬૫(એ)(એ),(બી),(સી),(ડી),(એફ)** મુજબનો ગુન્હો કરેલ છે? |
| (૨) | શું હુકમ? |

**(૦૫)** ઉપરોકત મુદાઓના પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | નકારમાં. |

| | |
|---|---|
| (૨) | આખરી હુકમ મુજબ |

**// નિર્ણય અંગેનાં કારણો//**

**૦૬. મુદા નંબર: ૧**

**(૬.૧) ફરીયાદી :–**

ફરીયાદપક્ષે **આંક–૦૯** થી **ફરીયાદી** મહાવિરસિંહ વનરાજસિંહ જાડેજાને તપાસવામાં આવેલા છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,ગઇ તા.૨૦/૦૧/૨૦૨૫ ના રોજ તેઓ તથા પોલીસ સટાફ પો.હે.કો.પી.એફ.જાડેજા સાથે ખોડીયાર પોલીસ ચોકી વિસ્તારમાં પ્રોહી અંગે પેટ્રોલીંગમા હતા તે દરમીયાન કલાક– ૨૦–૧૫ વાગ્યે જાગૃતીનગર, બાવરીવાસ પાસે આવતા બાતમી મળેલ કે, અહીં રહેતી મહિલા મીરા મોહનભાઇ પરમાર રહે.જામનગર તેના રહેણાંક ઝુપડામાં દેશી દારૂ બનાવી વેચાણ કરતી હોવાની હકિકત મળતા સાથેના બે રાહદારી પંચો બોલાવી હકિકતથી વાકેફ કરી હકિકત વાળી જગ્યાએ રેડ કરતા મજકુર મહિલા તેના રહેણાંક ઝુપડે હાજર મળી આવેલ ન હોય બંન્ને પંચોને સાથે રાખી રહેણાંક મકાનની ઝડતી તપાસ કરતા ઝુપડામાંથી દેશી પીવાનો દારૂ લીટર–૦૪ એક પ્લાસ્ટીકના કેનમાં મળી આવેલ જેની કિંમત રૂપીયા ૮૦૦/– ગણી તથા દેશી દારૂ બનાવવાનો કાચો આથો ભરેલ પ્લાસ્ટીકનો કેરબો મળી આવેલ તેમાં આથો લીટર–૫૦ કિંમત રૂપીયા ૧૨૫૦/– ગણી સ્થળ પર નાશ કરેલ તથા દારૂ બનાવવાના સાધનો કિંમત રૂપીયા ૨૦૦/– ગણી કુલ મુદામાલ કિંમત રૂપીયા ૨૨૫૦/–નો મળી આવેલ જે કબજે કરેલ અને આ કામે તેઓએ આરોપી વિરૂધ્ધ ધોરણ સર ફરીયાદ આપેલ. તેઓને કોર્ટ રેકર્ડમાંથી

ફરીયાદ બતાવવામાં આવે છે. તેમાં તેની સહી છે. જે ઓળખી બતાવે છે. ફરીયાદ રજુ દા.આંક– ૧૦ આપવામાં આવે છે. આરોપીને ઓળખે છે. આજરોજ કોર્ટમાં હાજર નથી. આરોપી તરફે મુકિત રીપોર્ટ. આરોપીની ઓળખની તકરાર નથી.

બચાવપક્ષ દ્વારા સદર ફરીયાદીને ઉલટ તપાસમાં વિવિધ રીતે પડકારવામાં આવેલા છે. જેમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે અને ત્યા ઘણા બધા મકાનો અને દુકાનો આવેલા છે. વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, બનાવના દિવસે તેઓ પેટ્રોલીંગમાં કઇ રીતે ગયેલા અને કયા વાહનથી ગયેલા તે તેઓની ફરીયાદમાં લખેલ નથી.વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, તેની ફરીયાદમાં પંચોના નામ ઠામ લખેલ નથી. વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, તેઓ કેટલો સમય સુધી પેટ્રોલીંગમાં હતા તે તેની ફરીયાદમાં લખેલ નથી. ત્યારબાદ તેઓ ઈન્કાર કરતા જણાવે છે કે, આરોપી પાસેથી આવો કોઇ મુદામાલ મળી આવેલ નથી. વધુમાં તેઓ ઈન્કાર કરતા જણાવે છે કે, આરોપીએ આવો કોઇ ગુનો કરેલ નથી અને સારી કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરેલી છે.

**(૬.૧)પંચ :–**

હાલના કેસમાં ફરિયાદપક્ષ દ્વારા તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક-૧૧** થી **પંચ** બાદલ ધરમપાલ પરમારને સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે. પરંતુ તેઓ **આંક-૧૨** વાળા પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને તેમને ઈન્ડિયન એવિડન્સ એક્ટ ની કલમ ૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા સૂચક પ્રશ્ન પૂછવાની પરવાનગી આપવામાં આવેલી પરંતુ સદર તપાસમાં ફરિયાદ પક્ષને કોઈ મહત્વનો પુરાવો મળી આવેલ ન હોય તેઓની

જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી.જેથી **આંક–૧૨** વાળું પંચનામું પંચોની જુબાનીથી પુરવાર થતુ નથી.

**(૬.૨)પંચ :–**

હાલના કેસમાં ફરિયાદપક્ષ દ્વારા તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક-૧૩** થી **પંચ** હંસરાજ પરસોત્તમ પરમારને સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે. પરંતુ તેઓ **આંક-૧૨** વાળા પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને તેમને ઈન્ડિયન એવિડન્સ એક્ટ ની કલમ ૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા સૂચક પ્રશ્ન પૂછવાની પરવાનગી આપવામાં આવેલી પરંતુ સદર તપાસમાં ફરિયાદ પક્ષને કોઈ મહત્વનો પુરાવો મળી આવેલ ન હોય તેઓની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી.જેથી **આંક–૧૨** વાળું પંચનામું પંચોની જુબાનીથી પુરવાર થતુ નથી.

**(૭) પુરાવાકીય મુલ્યાંકન:–**

**(૭.૧)** આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે બનાવ સમયે હાલના આરોપી પાસેથી દારૂ કબ્જે કરેલ હોવાનો પ્રોસીકયુશનનો કેસ છે. ત્યારે કહેવાતી ઝડતીવાળી જગ્યા એક રહેણાંકના ઝુપડામાંથી મળી આવેલ છે વધુમાં આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલ તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતા તેમાં કોઈ જગ્યાએ પંચોના નામ જણાવેલ નથી. જો ઝડતી કરતા અગાઉ પંચોને બોલાવેલ હોત તો તે હકીકત તેઓએ ફરીયાદમાં જણાવેલ હોત, પરંતુ આવી કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી અને નહી જણાવવા સંબંધે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે ઝડતીવાળી

જગ્યા રહેણાંકનુ ઝુપડુ છે પરંતુ તે ઝુપડુ ખરેખર હાલના આરોપીના નામનુ છે કે કેમ હાલના આરોપીને બનાવ સ્થળ સાથે સીધી રીતે સાંકળી શકે તેવો કોઈ દસ્તાવેજી પુરાવો હાલના કામે તપાસ એજન્સી દ્વારા તપાસ રજુ કરવામાં આવેલ નથી. વધુમાં રેડ વાળો વિસ્તાર રહેણાંક વિસ્તારમાં આવેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. તેમજ ઝડતી પંચનામાની જગ્યાની ચર્તુ:દિશા પણ બતાવવામાં આવે છે. તેમજ આરોપી વિરૂધ્ધ ગેરકાયદેસર દારૂ રાખવાનો કેસ હોવા છતાં પંચોનો પુરાવો જોતા તપાસ કરનાર અમલદાર આરોપીના કબજામાંથી દારૂ મળી આવેલ હોવાની હકીકતને પુરવાર કરી શકેલ નથી જેથી પંચોની હાજરીમાં મુદામાલ કબ્જે કરેલ હોવાની હકીકત સબંધે શંકા ઉત્પન્ન થાય છે. વળી**, સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ ઓનકાર માનીક પટીલ (1980(2) MHLR 15)** માં પ્રસ્થાપ્રીત કરેલ છે કે,જયારે પંચસાહેદ દ્વારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીની જુબાની પર આધાર રાખી શકાય નહી. વધુમાં **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ એસ. પટેલ (૨૦૧૧(૨૬મ્ જી. એચ. જે. ૦૧)**માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરેલ કે, જયારે પંચસાહેદો ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદીના પુરાવા પર આધાર રાખવો તે સલામતી ભર્યુ ગણાય નહી.વધુમાં, **માનસિંગ મુળુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૨ જે. એકસ. (ગુજ)૨૩૮)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરેલ કે, જો કોઈ પંચસાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય.સદર કામે પ્રમાણીત ટેસ્ટીગ લેબોરેટીરી તરફથી પકડાયેલ પ્રવાહી નશાકારક છે કે નહી, તે અંગેનો કોઈ રીપોર્ટ

ફરીયાદપક્ષ દ્વારા અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ નથી. તેમજ ફરીયાદીની જુબાનીમાં ઉલટતપાસ જોતા તેઓએ પેટ્રોલીંગ બુક નીભાવવાની હોય અને તો તે અંગેની નોંધ કરવાની હોય છે તેમ છતાં તેઓ દ્વારા સદર કામે પેટ્રોલીંગ બુકની નકલ રજુ રાખેલ નથી. તેમજ આ કામે જે ફરીયાદીનો પુરાવો રજુ થયેલ છે તે પોલીસ સાહેદ છે પરંતુ સદર સાહેદની જુબાનીમાં વિશ્વનીયતા જણાય આવતી નથી. ફરીયાદીના પુરાવાને જયાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન આપે ત્યાં સુધી તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી અને આ કામે તપાસેલા પંચસાહેદ તટસ્થ પંચસાહેદ છે. તેમ છતાં તેઓએ આરોપી પાસેથી દારૂ કબ્જે હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી જે હકીકત ધ્યાને લેતા પણ ફરીયાદીનાં પુરાવાને તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન મળેલ ન હોય, તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી. તેમજ ફરીયાદીની જુબાનીને સ્વતંત્ર સાહેદ કે પંચસાહેદોનું સમર્થન મળેલ નથી. જેથી ફરીયાદી અને પોલીસ સાહેદોની જુબાનીમાં વિશ્વસનીયતા જણાતી નથી. જે સંજોગોમાં આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## ::: આખરી હુકમ :::

(૧) આ કામનાં આરોપી **મીરા મોહનભાઈ પરમારનાઓને** બી. એન. એસ. એસ ની કલમ–૨૭૧(૧) અન્વયે ગુજરાત પ્રોહિબીશન એકટ,૧૯૪૯ની કલમ–૬૫ (એ) (એ), (બી), (સી), (ડી), (એફ) મુજબના ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨)હાલના કામે આરોપીએ અગાઉ આપેલા જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો અથવા રૂપીયા ૧૫,૦૦૦/– ના સદ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અપીલ સમય સુધીના રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

(૩)હાલના કામે કબ્જે કરવામા આવેલ પ્રોહી મુદામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ : ૧૦ મી, માહે : ઓગસ્ટ , સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૦/૦૮/૨૦૨૬** **(કે.એમ.ભટ્ટ)**

**જામનગર.** **એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**જામનગર.**

**જી.જે.૦૧૫૫૯**

**એસ.કે.દાણીધારીયા**